આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

સાહસ, ભયને જોઇ આંખ મીંચી નાખવામાં નથી પણ ખૂલી આંખે સામનો કરવામાં છે
- રિસ્ટર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૦૮ | ૧૮ જાન્યુઆરી, ૨૦૧૩, શુક્રવાર; પોષ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લાના ધિરાણ પ્લાનમાં ૩૩ ટકાનો વધારો કરાશે

## કૃષિ ધિરાણ અને આંતર માળખાકીય સુવિધાઓના ધિરાણ માટેની વિપુલ તકો હોવાનું નાબાર્ડ કહે છે : જિલ્લાના ક્રેડીટ ડિપોઝીટ રેસિયામાં ૭.૫ ટકાનો ઘટાડો; ધિરાણમાં રૂ. ૩૦૦ કરોડનો ઘટાડો નોંધાતા તંત્ર ચિંતાતુર

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના અર્થતંત્રમાં નવો પ્રાણ ફુંકવા માટે નાબાર્ડે ચાલુ વર્ષની સરખામણીએ ધિરાણ પ્લાનમાં ૩૩ ટકા સુધીનો વધારો કરવા માટેની મહત્વની ભલામણ જિલ્લા કક્ષાની બેંકર્સ કમિટીને કરી છે.

જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષાપદે મળેલ ડી.એલ.સી.સી.ની બેઠકમાં નાબાર્ડના પ્રતિનિધિએ ધિરાણ પ્લાન અંગે રજુ કરેલા પોતાના પ્રેઝન્ટેશનમાં કૃષિ ક્ષેત્રના વિકાસની સાથે સાથે અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં ધિરાણ વૃધ્ધિ કરવા સૂચવ્યું છે.

જિલ્લાના ૨૦૧૨-૧૩ના વર્ષમાં ધિરાણ માટે સૂચવેલા પ્લાન ૧૩૦૯ કરોડની સામે નાબાર્ડે આ વખતે ધિરાણ પ્લાન રૂ. ૧૭૦૦ કરોડનો કરવા માટે બેંકર્સને ભલામણ કરી છે.



મળતી વિગતો પ્રમાણે જિલ્લા કલેકટરશ્રી સ્વરૂપે સ્વરોજગાર માટેની જે લોન અરજીઓનો ભરાવો થયો છે તેના ઝડપી નિકાલ માટે ખાસ તાકીદ કરી છે. તેમણે પ્રાથમિક અને માધ્યમિક શાળાના બાળકોને અલ્પ બચત યોજના સાથે સાંકળવા માટે જીરો બેલેન્સથી બેંક એકાઉન્ટસ ખોલવા વિશેષ અભિયાન હાથ ધરવા સૂચવ્યું હતું.

તેમણે કૃષિ ક્ષેત્રે આ ત્રિમાસિક ગાળામાં રૂ. ૫૫૬ કરોડના નોંધાયેલા ઘટાડાને લઈ ચિંતા વ્યકત કરી હતી. જો કે ગરીબ કલ્યાણ ક્ષેત્રે ધિરાણની યોજનાઓમાં ૭૪ કરોડની વૃધ્ધિ તેમજ અન્ય અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં ૧૫૯ કરોડની વૃધ્ધિ અંગે સંતોષની લાગણી વ્યકત કરી હતી.

આમ છતાં જિલ્લામાં ઘટેલા રૂ. ૭૦૦ કરોડના ધિરાણ અંગે ચિંતાની લાગણી વ્યકત કરતાં કલેકટરશ્રીએ બેંકોને તેમની કામગીરીને વધુ લોકાભિમુખ બનાવવા સૂચવ્યું હતું. ખાસ કરીને અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં ધિરાણ વધે અને કૃષિક્ષેત્રમાં પણ ટૂંકાગાળાના ધિરાણમાં વધારો થાય તે જોવા જણાવ્યું હતું. જિલ્લામાં કૃષિ વિકાસ માટે ફાર્મર્સ કલબની સ્થાપનાની કામગીરીને અભિયાન તરીકે લેવા પર પણ તેમણે ભાર મુકયો હતો.

જિલ્લા કલેકટરશ્રીએ જિલ્લામાં જે ગામોમાં ૧૬૦૦ થી ૨૦૦૦ની વસ્તી ધરાવતા ગામો છે તેમાં બેંકીંગ સેવાઓ ઝડપથી શરૂ કરવા માટે પણ ખાસ આગ્રહ કરી રિઝર્વ બેંકની સૂચનાઓનું પાલન થાય તે જોવા જણાવ્યું હતું.

# ઉત્તર ગુજરાતમાં ચક્રાવાત આકાર પામતાં તેજગતિનો પવન



## વીસ કિલોમીટરની ગતિએ ઠંડા પવનના સુસવાટાઓ

ગાંધીનગર, તા. ૧૭

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે દરિયાની સપાટીથી ૨.૧ કિ.મી.ની ઉંચાઈએ રાજસ્થાન અને ઉત્તર ગુજરાત વચ્ચે એક ચક્રાવાત આકાર પામ્યુ છે અને જેને પગલે આગામી એક-બે દિવસ સુધી પવનની તેજગતિ આ વિસ્તારોમાં નોંધાય તેવી આગાહી છે.

મળતી વિગતો પ્રમાણે કચ્છમાં આજે થયેલા કમોસમી વરસાદથી વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. તેમજ ઉભા થયેલા આ ચક્રાવાતને કારણે ઠંડીના પારામાં પણ વધ ઘટ જોવા મળી રહી છે. આજે ઠંડા પવનના સુસવાટાઓની ગતિ ૨૦ કિ.મી. જેટલી નોંધાવા પામી છે. જેને કારણે વાતાવરણમાં ઠંડ પ્રસરી જવા પામી છે.

ઉત્તર ગુજરાત અને રાજસ્થાન વચ્ચે આકાર પામેલા ચક્રાવાતની અસરો આગામી એક-બે દિવસ સુધી રહે તેવી સંભાવનાઓ વચ્ચે કૃષિક્ષેત્રે પણ નુકશાનીનો ભય સેવાઈ રહ્યો છે.

એરંડા, જીરૂના પાકને આ ઠંડા પવનોથી નુકશાન થવાનો ભય છે તો પવનની ગતિ તેજ બને તો ઘઉંના પાકને પણ થોડે ઘણે અંશે નુકશાન થવાનો ભય ઉભો થઈ શકે છે. પવનની ગતિને કારણે ઘઉંનો પાક પડી જાય તેવું પણ બની શકે.

આ વખતે ઠંડીનું જોર અને માફકસરનું વાતાવરણ હોવાને કારણે ઘઉંના પાકનું વાવેતર ઉત્તર ગુજરાત પંથકમાં સારૂ થવા પામ્યું છે જે ઉલ્લેખનીય છે.

ઉત્તરાયણ પર્વે ઠંડીનું જોર ઘટયા બાદ આજે પુનઃ પવનની ગતિ વધતા ગાંધીનગરાઓને ગરમ વસ્ત્રોમાં લપેટાવવાની ફરજ પડી હતી.

ઠંડીમાં થોડાક દિવસ રાહત રહ્યા બાદ હવામાન વિભાગની આગાહી મુજબ આજે ફરીથી ઠંડીનું જોર વધવા માંડયું હતું. વહેલી સવારથી શરૂ થયેલો પવન સાંજ પડતા વધુ તેજ બન્યો હતો. પવનનું જોર વધતા વસાહતીઓ ઘરમાં પુરાઈ ગયા હતા. વાહન વ્યવહાર સાવ ઓછો થઈ ગયો હતો વસાહતીઓને ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવાની ફરજ પડી હતી.

## આજે સુરતમાં ખેલ મહાકુંભનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતના યુવાનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમતગમત ક્ષેત્રે પોતાનું હીર બતાવી શકે તેવું વાતાવરણ ગુજરાતભરમાં જન્મે અને યુવાનોમાં રમતગમત પ્રત્યે અભિરૂચિ કેળવાય તેવા ખાસ હેતુથી રાજ્યભરમાં કરવામાં આવતી ખેલ મહાકુંભની ઉજવણીનો આ પ્રારંભ આવતીકાલ ૧૮ જાન્યુઆરીએ સવારે નરેન્દ્ર મોદી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતેથી કરાવશે. ૧૮મી જાન્યુ.થી ૧૨મી ફેબ્રુઆરી દરમિયાન યોજાતા આ ખેલ મહાકુંભમાં ૧૬ વર્ષની વયની નીચેના ભાઈબહેનો, ૧૬ વર્ષથી વયની ઉપરના ભાઈબહેનો, ૪૫ વર્ષથી ઉપરના વેટરન્સ ભાઈબહેનો, ૬૦ વર્ષથી ઉપરના સીનીયર સિટીઝન ભાઈબહેનો ભાગ લેશે.

# પલ્સ પોલિયો અભિયાનમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના નિરીક્ષકો આવશે

## જિલ્લામાં ૮૫૦ થી વધુ બુથ ઉભા કરાશે : બુથ કવરેજ ૯૦ ટકા સુધી પહોંચે તે જોવા તાકીદ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનના મોનીટરીંગ માટે વિશ્વ આરોગ્ય સંસ્થાના નિરીક્ષકો આવી રહ્યા છે. ૩ થી ૪ જેટલા નિરીક્ષકોની ટીમ ગાંધીનગરમાં ફરશે.

૨૦મી જાન્યુઆરીના રોજ યોજાનાર પલ્સ પોલિયો અભિયાનમાં ગ્રામ્ય વિસ્તારના ૧.૭૬ લાખ અને શહેરના ૫૪ હજાર જેટલા બાળકોને આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લામાં આ માટે ખાસ ૬૫ જેટલી મોબાઈલ ટીમો પણ બનાવવા ઉપરાંત ૨૮૦ થી વધુ બુથ નિયત કરવામાં આવ્યા છે. જેમાંથી ૭૫૦ જેટલા બુથ ગ્રામ્ય વિસ્તારમાં બનાવવામાં આવશે.

જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ બુથો બસસ્ટેન્ડ રેલવે સ્ટેશન જેવા મોકાના સ્થળોએ પણ ઉભા કરવામાં મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ચારેય તાલુકામાં આવેલા ૭૦૦ જેટલા ઈંટોના ભઠ્ઠા પર મજૂરી કરતા શ્રમિકોના બાળકોને આવરી લેવા માટે પણ આ વખતે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે મોબાઈલ ટીમોની સંખ્યામાં ૨૦નો વધારો કરવામાં આવ્યો છે. આ અભિયાનમાં ૪ હજારથી પણ વધુ કર્મચારીઓ જોતરાશે.

જિલ્લા કલેક્ટર શ્રી સ્વરૂપે આ અંગે અધિકારીઓને ગત વર્ષે થયેલ કામગીરી કરતાં અર્થાત્ બુથ કવરેજ જે ૮૫ ટકા હતુ તે વધારીને ૯૦ ટકા સુધી થાય તે જોવા માટે ખાસ તાકીદ કરી છે. આ અભિયાનમાં જિલ્લાના અધિકારીઓને પણ મોનીટરીંગ માટે વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના નિરીક્ષકો આ અભિયાનની કામગીરી જોશે એટલુ જ નહિ જિલ્લાના અધિકારીઓ પણ આ કામગીરી પર સીધી નજર રાખશે. જિલ્લામાં ખાસ કરીને શહેરી વિસ્તારોમાં જે નબળો પ્રતિસાદ જોવા મળે છે તેના પર વિશેષ ધ્યાન આપવા તેમજ લગ્નસરાની નવી સીઝન શરૂ થતી હોય ત્યાં પણ ધ્યાન કેન્દ્રીત કરવા માટેની તાકીદ કલેક્ટરશ્રી દ્વારા કરવામાં આવી છે.

જિલ્લામાં છેલ્લા દસ વર્ષ દરમ્યાન એક પણ પોલિયોનો કેસ નોંધાયો નહિ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.



શિયાળો જામ્યો છે... ઠંડી વર્તાય છે... ખેતરોમાં પાક લહેરાય છે... તો બીજી બાજુ ખેતરના શેઢે લીલું ઘાસ ઉગી નિકળ્યું હોય છે... પશુ ધનને ચારો મળી રહે છે... નિરાંતે ગાયો પેટ ભરીને ચારો આરોગે છે... એય ને લીલોતરીની સાથે સાથે લીલાલહેર છે....

# કચ્છ-સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ

## માવઠાને કારણે રવિ પાકને નુકસાન કચ્છના ઘોરડોમાં મીઠાના સફેદ રણ પર પાણી ફરી વળ્યા

અમદાવાદ, તા. ૧૭

રાજ્યમાં છેલ્લા બે દિવસથી હવામાનમાં પલટો આવ્યો છે આજે દિવસ દરમિયાન કચ્છના કેટલાક વિસ્તારોમાં માવઠું પડ્યું હતું. તેમજ રાજસ્થાન અને ઉત્તર ગુજરાત વચ્ચે દરિયાની સપાટીથી ૨.૧ કિ.મી.ની ઉંચાઈએ ચક્રવાત સર્જાયો છે.

ગુજરાતમાં આકાશ વાદળછાયુ બનતાં વાતાવરણમાં પલટો આવ્યો છે. આજે દિવસ દરમિયાન ભૂજ, નલીયા, દ્વારકા, કંડલા, રાપર, નખત્રાણા, ખંભાળિયા, માળીયામિયાંણામાં માવઠું પડ્યું હતું. કચ્છ પંથકમાં તો દોઢ ઈંચ જેટલો કમોસમી વરસાદ પડતા ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. કચ્છના ઘોરડોના રણોત્સવમાં માવઠાએ ભંગ પાડ્યો છે અને અનેક પ્રવાસીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. તેમજ રણમાં સફેદ મીઠાની ચાદર પર પાણી પડતાં મીઠું ઓગળી ગયું હતું. આથી રણનો સફેદ નજારો જોવા ન મળતાં પ્રવાસીઓ નિરાશ થયા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ સૌરાષ્ટ્ર, કચ્છ અને બનાસકાંઠામાં કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ પડ્યો છે. ઉત્તરગુજરાત પર અપર એર સાયકલોનિક સરક્યુલેશન સિસ્ટમ સર્જાતા હવામાનમાં પલટો આવ્યો છે. અને વાતાવરણ વાદળછાયું બન્યું છે. બટાટા રાયડો, જીરૂ અને વરિયાળી જેવા રવિપાકોને નુકસાન થવાની ખેડૂતો ભીતી સેવી રહ્યા છે. બનાસકાંઠા પંથકમાં આજે ૧૦ કી.મી.ની ઝડપે પવન ફૂંકાયો હતો.

કચ્છના અમારા પ્રતિનિધિના અહેવાલોમાં જણાવ્યા મુજબ ગઈ રાત્રે કચ્છના ભુજ સહિત કેટલાક વિસ્તારોમાં અચાનક બિનમોસમી વરસાદ માવઠું થતાં લોકો અને અબોલ પશુઓ ઠુંઠવાયા હતા ખેતીના ઉભા પાકને નુકશાન થવાની દહેશત ઉભી થઈ હતી.

બુધવારે આખો દિવસ વાતાવરણ વાદળ છાયું રહ્યું હતું અને મોડી સાંજે અચાનક જ ચોમાસા જેવું વાતાવરણ સર્જાઈ ગયું હતું અને વરસાદ તૂટી પડયો હતો. સાંજે ફરવા કે દેવદર્શને નીકળેલા લોકો ઉંઘતા ઝડપાઈ ગયા હતા અને તેમના ગરમ કપડા પલડી ગયા હતા.


ગઈકાલે સાંજથી આજે સવારે ૧૧ વાગ્યા સુધીમાં ભુજ ખાતે ૧૧ મી.મી. વરસાદ નોંધાયો હતો. રાત્રે આ વરસાદથી માર્ગો ઉપર પાણી વહી નીકળ્યા હતા.

પાસેના ગામો ઉપરાંત ગઢશીશા, નલીયા, અંજાર, મુન્દ્રા વગેરે સ્થળોએ પણ ઓછોવતો વરસાદ પડયો હતો. નલીયા ખાતે ૪ મી.મી., અંજાર ખાતે માત્ર ૧ અને મુન્દ્રા ખાતે ૩ મી.મી. વરસાદ નોંધાયો હતો.

## સાબરકાંઠાના બાયડ અને આસપાસના વિસ્તારમાં મોડી સાંજે વરસાદના છાંટા પડ્યા















LCD TV રીપેરીંગ

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬